ગાંધીનગર સંસ્કૃતિકુંજમાં વસંતના વધામણા

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતુ પર્વ આરંભાયુ : રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન સંસ્કૃતિકુંજના પ્રાંગણમાં માનવ મહેરામણ ઉમટ્યું

ગાંધીનગર, તા. ૨૫

સંસ્કૃતિકુંજ ખાતે દર વર્ષે યોજાતા 'વસંતોત્સવ'નો આજે સુભારંભ કરવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિના લોકનૃત્યોને મંચ આપતું પર્વ એટલે 'વસંતોત્સવ' ૨૫મી માર્ચે શરૂ થયેલા આ ઉત્સવને સંસ્કૃતિપ્રિયજનો ૧૦મી માર્ચ સુધી માણી શકશે.

સંસ્કૃતિકુંજ ખાતે રવિવારે સાંજે ૭ કલાકે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને તથા ગુબ્બારા છોડીને વસંતોત્સવ નાગરિકો માટે ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ધર્મપત્ની અંજલિ રૂપાણી, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર પ્રવિણ પટેલ, કમિશ્નર સુનિલકુમાર ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃતિકુંજ ખાતે ઉદ્‌ઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી.

વસંતોત્સવનો શુભારંભ થયા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીની શરૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્ર દ્વારા કચ્છી ગરબાની પ્રસ્તુતિ દ્વારા લોકનૃત્યોના રસથાળનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંસ્કૃતિકુંજના પ્રાંગણમાં મહેમાનોની ઉપસ્થિતિમાં ૭ થી ૯ કલાક દરમિયાન રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા, ઉત્તરપ્રદેશ તેમજ અન્ય રાજ્યોના લોકનૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. સાબરમતીની કોતરોમાં ભારતીય સંસ્કૃતિના લોકનૃત્યો પ્રજાએ મન મુકીને માણ્યા હતા. પરિસરમાં રીતસરની ભીડ ઉમટી હતી.

સંસ્કૃતિ કુંજ ખાતે ૧૩૩ જેટલા હસ્તકલાના નમૂનાઓનું હાટ યોજવામાં આવ્યુ છે. જેમાં હૈદરાબાદી આભૂષણો, હેન્ડીક્રાફટ, કાપડની મોજડી, વસ્ત્રો, રમકડાં, માટીની કલાકૃતિઓ, ગૃહઉદ્યોગ અગરબત્તી, ફૂલોના આભૂષણો, ચામડાની વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આ વર્ષે આર્ટીફિસીયલ વોલ, રોપ કોર્સ, ઝોર્બ રોલર જેવા એડવેન્ટર સ્પોર્ટસ અને ભુલાતા જતા ભમરડા અને લખોટી જેવી રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કૃતિ કુંજ ખાતે પ્રજામાં નશાબંધી અંગે જાગૃતિ લાવવા હેતુ ગાંધીનગર જિલ્લાના નશાબંધી અને આબકારી ખાતા દ્વારા સ્ટોલમાં દારૂબંધીને લગતા પોસ્ટર્સથી નાગરિકોને દારૂબંધીના નિયમો વિશે માહિતી આપવામાં આવી રહી છે.

હાસ્ય એ ઈશ્વરે માનવીને આપેલું અણમોલ વરદાન છે : રતિલાલ બોરીસાગર

ગાંધીનગર, તા. ૨૫

સિનીયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની રજતજયંતિ મહોત્સવના બીજા દિવસે યોજાયેલા વ્યાખ્યાનમાં 'હાસ્ય મેવ જયતે' વિષય પર બોલતા જાણીતા હાસ્યલેખક ડૉ. રતિલાલ બોરીસાગરે જણાવ્યું હતું કે હાસ્ય એ માનવીને ઈશ્વરે આપેલું અણમોલ વરદાન છે. હાસ્યરસથી શ્રોતાઓને તરબોળ કરતાં તેમણે કહ્યું કે હસવાનું અઘરું છે તે સત્ય છે પણ હસવા માટેનો મિજાજ કેળવીને બધી જ વિકટ પરિસ્થિતિમાં હસી નાંખીએ તો આરોગ્ય સારું રહે છે. પણ આપણે નિર્મલ રીતે હસી શકવાનો મિજાજ કેળવવો જોઈએ. હાસ્યને તબીબી ક્ષેત્રનું શ્રેષ્ઠ ઔષધ ગણાવી શ્રી બોરીસાગરે નવરસ પૈકીના હાસ્યરસ વિશેના અનેક દાખલા ટાંકયા હતાં. શ્રી જયોતિન્દ્ર દવે, શ્રી બકુલ ત્રિપાઠી, નિરંજન ત્રિવેદી, વિનોદ ભટ્ટ, તારક મહેતા અને આચાર્ય રજનીશના અનેક પ્રસંગો વર્ણવીને તેમણે કહ્યું કે, માઈક પાસે આવવું સહેલું પણ માઈકથી દૂર જવું તે એથી પણ અઘરું છે. હાસ્યલેખકોનો મહિમા અન્ય સાહિત્યક્ષેત્રનાં લેખકો કરતાં ઓછો છે તેમ જણાવીને તેમણે હાસ્યલેખકો આપણા મનની સાફસૂફીનું કામ કરીને ચિત્તને નિર્મળ બનાવવાનું સાહિત્ય સર્જન કરે છે તેની રસપ્રદ વાત કરી હતી. લોકોએ લાફટરથેરાપી અપનાવીને સમગ્ર શરીરતંત્રને ચૈતન્યમય બનાવવું જોઈએ તેમ પણ તેમણે કહ્યું હતું.

'વરિષ્ઠતાનું ગૌરવ' વિષય પર બોલતાં જાણીતા કેળવણીકાર શ્રી મનસુખ સલ્લાએ કહ્યું કે કોઈ પણ સ્વૈચ્છિક સંસ્થા ચલાવવી હોય તો સભ્યનું સન્માન, પરસ્પર ભાતૃત્વનો ભાવ અને માનવતાને પોષણ આપવાનું લક્ષ હોવું જોઈએ. ભગવાનની વિશિષ્ટ કૃપા વગર વરિષ્ઠ બની શકાતું નથી ત્યારે આપણે આપણી જાતને ઓળખીને નાની વાતને મોટી નહિ બનાવીને દરેક સમસ્યાને હળવી કરવી જોઈએ. જે ઘરમાં દાદા-દાદી હોય છે તે પરિવાર સાચે ભાગ્યશાળી છે તેમ જણાવ્યું હતું. શ્રી મનસુખ સલ્લાએ સ્વની સમજણ કેળવીને પૂજય રવિશંકર મહારાજે આપેલાં સુત્ર ઘસાઈને ઉજળા થવાની વાતનો અમલ કરવા જણાવ્યું હતું. પ્રારંભમાં પ્રમુખ હસમુખ બી. શાહે 'માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો' ગીત રજૂ કર્યું હતું. શ્રીમતી મંજુલાબેન ભલગામીએ પ્રાર્થના રજુ કરી હતી. મંત્રી એમ.એન. શાહે પ્રારંભિક માહિતી આપી હતી અને કાર્યક્રમનું સંકલન તથા સંચાલન પ્રો. જૈમીની કુલકર્ણીએ કર્યું હતું.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના... અમારા પક્ષમાં બીલકુલ એવું નથી... અમારા કાર્યકર ઘરે બોલાવીને કદી કોઈની ધોલાઈનથી કરતા... જાહેરમાં જ પતાવી દે છે...

આજે શહેરમાં ટ્રાફિક ઝૂંબેશ હાથ ધરાશે

ગાંધીનગર શહેરમાં રોજ-બરોજ માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થતો જાય છે. જેનું મુખ્ય કારણ વાહનચાલકોએ સીટબેલ્ટ કે હેલ્મેટ પહેરેલુ ન હોવાનું મુખ્ય કારણ છે. સચિવાલયના કર્મચારીઓમાં ટ્રાફિક અંગે જાગૃતિ આવે તે માટે જુના સચિવાલય તેમજ નવા સચિવાલયના ગેટ પાસે તા. ૨૬ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧ કલાક દરમિયાન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશમાં ચાર ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવશે. જેમાં એક ટીમ ડૉ. જીવરાજ મહેતા ભવન ગેટ નંબર ૧ પાસે, બીજી ટીમ ગેટ નંબર ૨, ત્રીજી ટીમ નવા સચિવાલય ગેટ નંબર-૧ ખાતે તેમજ ચોથી ટીમ જીવરાજ મહેતા ગેટ નં. ૬ ખાતે હાજર રહેશે. આ ઝુંબેશમાં ગાંધીનગર તેમજ અન્ય શહેરોના અધિકારીઓ પણ આ ઝુંબેશમાં જોડાશે.

થેલેસેમિયાના દર્દીઓ માટે ૩૭ યુનિટ રક્ત એકત્ર કરાયુ

ગાંધીનગરના સેક્ટર-૩૦ સ્થિત ઉદયભાણજી હિન્દી વિદ્યાલય ખાતે થેલેસેમિયાના દર્દીઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં કુલ ૩૭ યુનિટ રક્ત એકત્ર થવા પામ્યું હતું. જેમાં ૧૧ બોટલ વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન પ્રાપ્ત થયું હતું.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ઉદયભાણજી વિદ્યાલયના કર્મચારીગણના સહયોગથી યોજવામાં આવેલા આ રક્તદાન શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા કલોલની બ્લડબેન્ક દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ રક્તદાન શિબિરમાં ૧૪ યુવા વિદ્યાર્થીઓ, ૧૧ યુવા વિદ્યાર્થીનીઓ તથા ૧૨ જેટલા કર્મચારીગણે રક્તદાન કર્યુ હતું. આ રક્ત થેલેસેમિયાના દર્દીઓની સારવાર અર્થે પુરૂ પાડવામાં આવનાર છે. રક્તદાન શિબિરના ઉમદા આયોજન બદલ ઉદયભાણજી સંસ્થાના કર્મચારીઓનું ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરના વ્યવસ્થાપન બાબતે અર્વિનભાઈ દવેની પ્રસંશનીય સેવાઓ પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમમાં રેડક્રોસ સોસાયટીના જીલુભા ધાંધલ, સુનિલભાઈ સોની, જયેન્દ્રભાઈ પરીખ તથા હિતેશભાઈ રાવલ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સિસિકાની રજત જયંતિમાં નરેશ કનોડિયા ખિલ્યાં

ગાંધીનગરની સિનિયર સિટીઝન કાઉન્સિલનો રજત જયંતિ મહોત્સવ દબદબાભેર ઉજવાયો હતો. રજત જયંતિ મહોત્સવમાં ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડિયાએ મંચ પરથી ઉર્જાત્મક પરફોર્મન્સ આપવા સાથે તેમની ફિલ્મોના બે લોકપ્રિય ગીતો 'ઓઢણી ઓઢુ ઓઢુ તો ઉડી જાય' અને 'જાગરે માલણ જાગ'ને લાઈવ ગાઈને વરિષ્ઠ નાગરિકોના દિલ જીતી લીધા હતા. વરિષ્ઠ વયે પહોંચેલા આ અદાકારના સ્ફૂર્તિમય પરફોર્મન્સને વડીલોએ પોતાના મોબાઈલ કેમેરામાં કંડારી સંભારણા તરીકે સાચવી લીધુ હતુ.

ગાંધીનગર શહેરમાં દિન-પ્રતિદિન અકસ્માતોની સંખ્યામાં વધારો થયો છે. વાહનચાલકો ટ્રાફિકના નિયમો નેવે મુકી વાહનો હંકારતા હોય છે. પરિણામે અકસ્માત સર્જાય છે. ત્યારે આજે શહેરના સે. ૨૨/૨૯ બસ સ્ટેન્ડ પાસે ડીસ્કવર બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલક યુવાનને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે આસપાસના રહીશો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. બનાવને પગલે થોડીવાર માટે આ માર્ગ પર ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો.

ગુજરાત સરકારનું જાહેર દેવું ૨૦૨૧ સુધીમાં ૩ લાખ કરોડ રૂપિયાના આંકડાને પાર રહેશે

ગુજરાત સરકારનું જાહેર દેવું આગામી ત્રણ વર્ષના અંતે વધીને ત્રણ લાખ કરોડ થવાની સંભાવના છે. નાણા વિભાગના જણાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૧૮ના અંતે જાહેર દેવું વધીને ૨.૧૭ લાખ કરોડ થશે. જાહેર દેવું એ કોઈપણ સરકાર માટે ચિંતાનો વિષય છે. દેવાના ઘટકો બદલાતાં સરકારને હવે કેન્દ્રની લોન ઓછી મળે છે અને બજાર લોન વધારે લેવી પડે છે. ગુજરાત સરકારના બજેટ ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૧૭ના અંતે દેવું વધીને ૧.૯૯ લાખ કરોડ થયું છે. ફિસ્કલ પોલિસી સ્ટેટમેન્ટ પ્રમાણે માર્ચ ૨૦૧૯ના અંતે દેવું વધીને ૨.૩૮ લાખ કરોડ અને માર્ચ ૨૦૨૦ સુધીમાં તે ૨.૬૬ કરોડ થવાનો અંદાજ છે. એ જ પ્રમાણે માર્ચ ૨૧માં જાહેર દેવાનો આંકડો ૨.૯૬ કરોડ સુધી પહોંચી શકે છે. ગુજરાત સરકારનું જાહેર દેવું ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ વધીને ૨૧૭૩૩૭ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે જે એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૧૬.૪૬ ટકા જેટલું થાય છે. સરકારના જાહેર દેવામાં બજારલોન, પાવર બોન્ડ્સ, કેન્દ્ર સરકારની લોન અને પેશગી, નાણાકીય સંસ્થાઓ તેમજ બેન્કો પાસેથી લીધેલી લોન તેમજ એનએસએસએફ લોનનો સમાવેશ થાય છે. સરકારનું જાહેર દેવું માર્ચ ૨૦૧૭ના અંતે ૧૯૯૩૩૮ કરોડ રૂપિયા છે. નાણા વિભાગના સૂત્રો જણાવે છે કે ૨૦૦૯ થી ૨૦૧૭ના વર્ષો દરમ્યાન દેવાના ઘટકોમાં ફેરફારો થયા છે જેમાં કેન્દ્ર સરકારની લોનનું પ્રમાણ ૧૧.૮૭ ટકાથી ઘટીને ૩.૨૯ ટકા થયું છે. તે જ પ્રમાણે એનએસએસએફ લોનનો હિસ્સો ૫૧.૫૯ ટકાથી ઘટીને ૨૩.૨૬ ટકા થયો છે, જ્યારે બજાર લોનનો હિસ્સો ૩૨.૨૦ ટકાથી વધીને ૬૮.૨૮ ટકા થયો છે. જે બજાર લોન પર વધતી નિર્ભરતા પર પ્રકાશ પાડે છે. રાજ્યના દેવા પોર્ટફોલિયો પરથી જોવા મળે છે કે ૧૯૯૩૩૮ કરોડ રૂપિયાના કુલ જાહેર દેવામાં બજાર લોનનો મોટો હિસ્સો છે જે કુલ જાહેર દેવાંના ૬૮.૨૮ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ દેવાના સુધારેલા અંદાજો ૨૧૭૩૩૭ કરોડ રૂપિયા છે.

● હવે નવા સીઆઇસી કોણ બનશેની ચર્ચા

ગુજરાતના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ.ડાગુર જુલાઈ મહિનામાં વય નિવૃત્ત થાય છે ત્યારે સચિવાલયમાં એવી અટકળોએ જોર પકડ્યું છે કે તેમને ગુજરાતના ચીફ ઈન્ફોર્મેશન કમિશનર- સીઆઈસી- બનાવવામાં આવશે. જો કે આ પદ માટે ઘણાં દિગ્ગજ આઈએએસ ઓફિસરોએ પહેલેથી નામ નોંધાવી દીધું છે. જો પદ માટે ડાગુર પસંદ થાય તો વયનિવૃત્તિ પછી તેમને વધારે પાંચ વર્ષ સુધી સરકારમાં કામ કરવાનો મોકો મળશે. આ પોસ્ટ માટેનો નિર્ણય મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અને લિડર ઓફ ઓપોઝિશન પરેશ ધાનાનીની બનેલી એક કમિટી કરશે. આ પદ માટે નિવૃત્ત આઈએએસ એચવી પટેલ, સીજે ગોઠી, એચકે દાસ, ધીરજ કાકડીયા અને અશોક માણેકના નામ ચાલી રહ્યાં છે.

હાલ સ્ટેટ ઈન્ફોર્મેશન કમિશનરેટમાં ત્રણ સ્ટેટ કમિશનર ફરજ બજાવે છે જેમાં એચ.વી.પટેલ, આર.આર.વરસાણી અને દિલીપ ઠાકરનો સમાવેશ થાય છે.

● ૨.૩૦ કરોડ વાહનોથી માર્ગો ભરચક બન્યા

ગુજરાતમાં પબ્લિક ટ્રાન્સપોર્ટના અભાવે માર્ગો હાઉસફુલ, ૨૩૦ લાખ વાહનો દોડી રહ્યાં છે

વાયબ્રન્ટ ગુજરાતમાં સૌથી મોટી સમસ્યા ટ્રાફિક નિયમનની જોવા મળી રહી છે, કારણ કે હાલની સ્થિતિએ રાજ્યની સડકો પર ૨.૩૦ કરોડ વાહનો ફરી રહ્યાં છે. એનો અર્થ એ થયો કે પ્રત્યેક અઢી વ્યક્તિએ એક વ્યક્તિ પાસે વાહન છે. રાજ્યમાં વર્ષે ૧૫ થી ૧૭ લાખ વાહનો વધી રહ્યાં છે. પબ્લિક ટ્રાન્સપોર્ટેશનના અભાવે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં બેફામપણે વાહનોની ખરીદી કરવામાં આવી રહી છે. ચાર પુખ્ત વ્યક્તિના પરિવારમાં પ્રત્યેક પાસે અલાયદું વાહન જોવા મળે છે. રાજ્યના વાહનવ્યવહાર વિભાગના છેલ્લા સર્વે પ્રમાણે નવેમ્બર ૨૦૧૭ સુધીમાં વિવિધ આરટીઓ કચેરીમાં ૨૨૮.૪૦ લાખ વાહનો નોંધાયેલા છે. ગુજરાતમાં નોંધાયેલા વાહનોની સંખ્યા ૨૦૧૫-૧૬માં ૨૦૩.૬૧ લાખ હતી તે વધીને ૨૦૧૬-૧૭માં ૨૨૦.૩૭ લાખ થઈ છે. એક વર્ષના ગાળામાં દ્વિચક્રી વાહનો જેવાં કે મોપેડ, બાઈક, સ્કૂટરની સંખ્યા ૧૪૯.૧૬ લાખથી વધીને ૧૬૧.૪૪ લાખ થઈ છે. રાજ્યમાં ઓટોરીક્ષાની સંખ્યા ૭.૧૮ લાખથી વધીને ૭.૫૮ લાખ થઈ છે. જેને લકઝુરીસ માનવામાં આવે છે તે મોટરકારની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. એક વર્ષ પહેલાં મોટરકારની સંખ્યા ૨૪.૪૪ લાખ હતી તે વધીને ૨૭.૧૩ લાખ થઈ છે. વાહનોના તમામ પ્રકારો જોતાં કોઈપણ વાહનની સંખ્યા ઘટી નથી. તમામ વાહનો વધતા ગયા છે અને શહેરોના માર્ગો વધુ ગીચ બની રહ્યાં છે. ગુજરાત સરકાર દિલ્હી અને મુંબઈની જેમ મેટ્રોટ્રેનની યોજના બનાવે તો પ્રાઈવેટ વાહનોની સંખ્યામાં નિયંત્રણ આવી શકે છે. જાણીને નવાઈ લાગે તેવી બાબત એ છે કે માર્ચ ૧૯૯૦ના અંતે ગુજરાતમાં વાહનોની કુલ સંખ્યા ૧૮.૪૪ લાખ હતી. માર્ચ ૧૯૯૯માં આ સંખ્યા વધીને ૫૧.૯૦ લાખ થઈ હતી. વાહનોની સંખ્યા વધવાની શરૂઆત ૨૦૧૦ પછી થઈ છે. આ વર્ષ આવતા સુધીમાં તો ગુજરાતના માર્ગો પર ૧.૧૮ કરોડ વાહનો ફરી રહ્યાં હતા. ૨૦૧૫માં આ આંકડો ૧.૮૭ કરોડને ક્રોસ કરી ગયો હતો.

● વિનોદ રાવનો ફેસલો કૈલાસનાથન કરશે

વડોદરા મ્યુનિસિપલ કમિશનર વિનોદ રાવનો ફેસલો હવે ચીફ મિનિસ્ટર ઓફિસ કરશે

વડોદરામાં પીએમ આવાસ યોજનાના ૨૦૦૦ કરોડના ગોટાળામાં જેમની પર આક્ષેપ થયા છે તે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર વિનોદ રાવની સામે તપાસ કર્યા બાદ તેનો રિપોર્ટ સીએમઓમાં સબમીટ કરી દેવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમારે આ રિપોર્ટ સીએમઓમાં મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન અને પ્રિન્સિપલ સેક્રેટરી એમ.કે.દાસને આપ્યો છે, આ રિપોર્ટના આધારે તથ્ય શું છે તેનો ફેસલો કૈલાસનાથન જ કરી શકશે. ઉલ્લેખનીય છે કે વડોદરાના ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર પર ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. કૌભાંડનો રેલો રાજકીય નેતાઓની નીચે આવતા દોષનો ટોપલો વડોદરાના મ્યુનિસિપલ કમિશનર પર ઢોળી દીધો હતો. જોકે આ કૌભાંડ અંગે રાજ્ય સરકારે સચિવ કક્ષાના અધિકારી પૂનમચંદ પરમારને તપાસ સોંપી હતી આ તપાસ માત્ર એક સપ્તાહમાં પુર્ણ કરીને તેનો રીપોર્ટ આપવાનો હતો. પરંતુ મોડો આપવામાં આવ્યો છે. હવે તે રિપોર્ટનો અભ્યાસ કરીને પગલાં લેવાના થાય છે.

● ગુજરાત સરકાર માટે GSPC સફેદ હાથી

ગુજરાત સરકારનો સફેદ હાથી ગણાતી પેટ્રોલિયમ કંપની ઓએનજીસીને પધરાવી દીધા બાદ પણ ખોટના ખાડામાંથી બહાર આવી શકતી નથી. આ કંપની કે જે ભાજપની સરકારને સૌથી વધુ બદનામ કરી રહી છે તે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન- જીએસપીસી- એ તેના છેલ્લા અહેવાલમાં કબૂલ કર્યું છે કે તેને ૧૪૯૨૩ કરોડની ખોટ ગઈ છે. વિધાનસભામાં મૂકવામાં આવેલા કંપનીના રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે જીએસપીસીના કેજી બેસિન ઓપરેશનનો ૯૦ ટકા હિસ્સો ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશનને વેચી દીધા પછી મળેલા ૮૦૦૦ કરોડ રૂપિયાના ફંડનો પણ ખોટમાં સમાવેશ થાય છે. અત્યારે આ કંપનીની હાલત એવી છે કે તેણે બેન્કો અને નાણાકીય સંસ્થાઓને ૧૫૦૦૦ કરોડની રકમ ચૂકવવાની થાય છે. આ કંપનીનું મોટું કૌભાંડ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના રિપોર્ટમાં આવ્યું હતું. કેજી બેસિનમાં ગેસ હોવાનું કંપનીનો રિપોર્ટ કબુલ કરે છે અને કહે છે કે આ બ્લોકમાં ગેસનો સંગ્રહ છે પરંતુ હાઈપ્રેશર, ઉંચું તાપમાન અને દરિયાથી દૂર અનામત જથ્થો હોવાના કારણે સારકામ થઈ શકતું નથી. જો ઉત્પાદન મેળવવું હોય તો તેના માટે વધુ મૂડીરોકાણની આવશ્યકતા રહે છે. જીએસપીસીના ઓડિટ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે કંપની વધારે મૂડીરોકાણ કરી શકે તેમ ન હોવાથી કેજી બેસિનની સંપત્તિ ઓએનજીસીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી છે.

● અનાજ ઓછું પણ કપાસ વિક્રમી પાકશે

ગુજરાતમાં અનાજ ઓછું પાકશે પરંતુ કપાસનો મબલખ પાક ખેડૂતોની ચિંતા વધારે છે

ગુજરાતમાં વિવિધ કારણોસર અનાજના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. રાજ્યના કૃષિ વિભાગે અંદાજેલા આંકડા પ્રમાણે આઠ લાખ ટન અનાજ ઓછું ઉત્પાદિત થશે. જો કે કપાસનું વિક્રમી ઉત્પાદન થયું છે. કૃષિ વિભાગના દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૬-૧૭ના વર્ષમાં અનાજનું ઉત્પાદન ૭૪.૨૦ લાખ ટન થયું છે જેની સરખામણીએ ૨૦૧૭-૧૮ના વર્ષમાં અનાજનું ઉત્પાદન ૬૬.૮૮ લાખ ટન થવાનો અંદાજ છે. એવી જ રીતે ચાલુ વર્ષે કપાસનું ઉત્પાદન ૧૭૦ કિલોની એક એવી ૫૦.૪૩ લાખ ગાંસડી થયું છે જ્યારે આગામી વર્ષનો અંદાજ ૧૨૭.૪૬ લાખ ગાંસડીનો રાખવામાં આવ્યો છે જે ગયા ચાલુ વર્ષની સરખામણીએ બમણાથી વધારે છે. કૃષિ અંદાજ પ્રમાણે તેલિબીયાંનું ઉત્પાદન ચાલુ વર્ષે ૪૫.૭૬ લાખ ટન થયું છે જેમાં આગામી વર્ષે વધારો થઈને કુલ ઉત્પાદન ૪૯.૪૨ લાખ ટન થવાનો અંદાજ છે. છેલ્લા બે વર્ષના પાકોની આ સ્થિતિ જોતાં અનાજનું ઉત્પાદન ઘટ્યું છે પરંતુ કપાસનું ઉત્પાદન બમણું થયું છે જેથી કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ માટે સરકાર સાથે લડવાનું થશે.

● સરકારની મહેસૂલી આવકમાં ૧૯.૭૮% નો વધારો

ગુજરાતની મહેસૂલી આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૦૫ થી ૨૦૧૭ સુધી મહેસૂલી આવક વાર્ષિક ૧૫.૪૮ ટકાના દરે વધતી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં એકંદરે મહેસૂલી આવક ૧૦૯૮૮૨ કરોડ છે જે ગયા વર્ષ કરતાં ૧૨.૬૮ ટકાનો વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં મહેસૂલી આવકનો સુધારેલો અંદાજ ૧૩૧૫૫૧ કરોડ રાખવામાં આવ્યો છે જે અગાઉના વર્ષ કરતાં ૧૯.૭૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૨૦૧૭-૧૮ના સુધારેલા અંદાજ પ્રમાણે કરની આવક ૭૭૯૬૭ કરોડ અંદાજવામાં આવી છે. બિનકરની આવક ૧૬૯૯૫ કરોડ અને કેન્દ્રીય કરની આવક ૨૦૭૮૨ કરોડ છે જ્યારે અનુદાન પેટે ૧૫૮૦૬ કરોડ મળે છે. ગુજરાતમાં એક બાબત એવી છે કે ૨૦૧૫ પછી કેન્દ્રીય કરની આવકમાં સતત વૃદ્ધિ જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન રાજ્યની મહેસૂલી આવકમાં તેની પોતાની મહેસૂલી આવકનો ફાળો સતત ૭૨ ટકાથી વધારે રહ્યો છે, જેમાં સૌથી વધુ વેટ અથવા જીએસટીની આવક છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત